# 'નિયાંપો'

**શ્રી કચ્છી મિત્ર મંડળ**

**હૈદરાબાદનું મુખપત્ર**

વર્ષ : ૧૫ અંક : ૧૭૩

પ્રમુખ
**ધનજી લખમશી સાવલા**
(નિ) ૨૪૭૫ ૩૮૯૪, ૯૩૯૧૦ ૫૨૮૦૩

માનદ્ મંત્રી
**અમૃતલાલ ભાણજી નિસર**
(નિ) ૨૪૭૫૫૫૭૪, ૯૩૪૭૫ ૫૫૫૭૪

સંપાદક
**અરવિંદ કેશવજી છેડા**
ફોન : ૨૭૫૬૧૯૦૬, ૬૫૫૦૧૯૦૬
મો. ૯૩૯૧૦ ૦૭૨૭૭

સહ-સંપાદકો
**હંસકુમાર સાયલા**
ફોન : ૨૭૫૬૨૫૪૫, ૬૬૩૬૨૫૪૫

**વસંત પ્રાગજી શાહ**
ફોન : ૬૬૪૬૮૬૧૭

*કાર્યાલય*
**શ્રી કચ્છી મિત્ર મંડળ**
શ્રી કચ્છી ભવન
૩-૫-૧૪૨, ઇડનબાગ, રામકોટ,
હૈદરાબાદ ૫૦૦ ૦૦૧.
ફોન : ૨૪૭૫ ૨૩૮૩, ૬૫૯૪ ૨૩૮૩

*મુદ્રક*
**ચંદ્રપ્રભા ગ્રાફિક્સ**
૩૭, રૉયલ પ્લાઝા, સુલતાન બજાર,
હૈદરાબાદ ૯૫ ફોન ૬૬ ૭૮૦ ૭૮૦

કીમત - રૂ. ૧/-


"નિયાંપો" માં પ્રગટ થતા કોઇ પણ લેખ, માહિતી, કે જાહેરાત માટે મંડળ કે સંપાદકોની કોઇ જવાબદારી રહેશે નહી, જેની નોંધ લેવા વિનંતી.



## પ્રમુખશ્રીનો સંદેશ

ધનજી લખમશી સાવલા

દિવાળી પર્વ તથા નૂતનવર્ષ મિલન સમારોહની ઉજવણી, ઉમળકા અને ઉમંગભેર સંપન્ન થઈ. મંડળના નાના મોટા સહુ સભ્યોએ આખાય કાર્યક્રમને અત્યંત આનંદ અને મઝાથી માણ્યો. મનોરંજન સમિતિના સંચાલક અને તેમના સાથીઓએ ઉઠાવેલ જહેમતથી સમસ્ત કાર્યક્રમ સુંદર રીતે ઉજવાયો. શ્રી પંકજભાઈ સાવલા અને એમની ટીમને ઘણાં જ અભિનંદન. તેવીજ રીતે પ્રત્યેક સમિતિઓ પોત પોતાના કાર્યક્ષેત્રમાં સરસ રીતે પ્રવૃત્ત છે એ સંતોષનીય છે.

આગામી દિવસોમાં આપણું શહેર-નગરદ્વય-નગરપાલિકાની ચૂંટણીમાં વ્યસ્ત રહેશે. સામાન્ય નાગરિકોની દિન પ્રતિ દિનની તકલીફોને નજરમાં રાખી તેમને ઓછી અથવા દૂર કરી શકે એવા નિષ્ઠાવાન નગર સેવકોની અત્યંત જરૂરત છે. સ્વાસ્થય માટે ગંદકીના વાતાવરણથી રાહત મળે એ જરૂરી છે.

નૂતનવર્ષના નવરંગી કિરણો આપસૌના જીવનમાં સુખ-સમૃધ્ધી પ્રસરાવે તેવી પ્રભૂ પાસે પ્રાર્થના.

ભાગ્યનગરમાં બિરાજીત અનેક મુનીવરોએ મનુષ્ય જીવનમાં લાભદાયી તેવા પ્રવચનો-શિબિરો તથા વિવિધ કાર્યક્રમ દ્વારા આર્શિવાદ પાઠવેલ. અમો સમસ્ત કચ્છી મિત્ર મંડળના સભ્યો આપસૌ મુનિભગવંતો જે જ્યાં પણ વિહરમાન હોય, બિરાજતા હોય તે સર્વેને શતશત વંદન કરીએ છીએ અને સુખશાતા પૂછીએ છિએ.



**૧૪ નવેમ્બર ૨૦૦૯**

## બાલ દિવસ ની હાર્દિક શુભકામનાઓ

## આગામી કાર્યક્રમ

| | | |
|---|---|---|
| ૪-૧૨-૦૯ | મહિલા સમિતિ | મેગા ફેશન શો |
| ૨૦-૧૨-૦૯ | શાન્તિવન સમિતિ | બાળકો અને વડિલોની અંતાક્ષરી |
| ૩૧-૧૨-૦૯ | યુવા સમિતિ | નિર્વાણા |
| ૧૭-૧-૧૦ | મનોરંજન સમિતિ | સ્પોર્ટસ અને કલ્ચરલ દિવાસ |



# સંપાદકીય

સંપાદક : અરવિંદ કેશવજી છેડા
સહસંપાદકો : હંસકુમાર સાયલા, વસંત પી. શાહ

*સમાજના છીએ આપણે સહુ રૂણી*
*સમાજ માટે અમોને લાગણી છે કુણી*
*સમાજની અક્ષમતાને લેવી છે તુણી*
*સમાજના બનવું છે અમારે અરૂણી*

વ્યક્તિ-વ્યક્તિ મળીને સમાજ બને છે. સમાજ વિના વ્યક્તિનું વ્યક્તિત્વ વિકસીજ ન શકે. વ્યક્તિ મજબુત તો સમાજ મજબુત, અને સમાજ મજબુત તો વ્યક્તિનું વ્યક્તિત્વ-ઘડતર મજબૂત બને છે. શરીરનું નાનામાં નાનું અંગ પણ રોગીષ્ટ બને તો તેની ઉપેક્ષા ન કરાય. તેનો ઈલાજ આવશ્યક બને છે. યંત્રની નાનામાં નાની ખીલીકે સ્ક્રુ, કે પ્લેટ ઢીલી પડે તો તેની જેમ ઉપેક્ષા ન કરાય તેમ.

સમાજના વૈદકિય, શૈક્ષણિક, કે સાહિત્યીક કોઈ પણ ક્ષેત્રમાં મદદરૂપ થવું તેમજ સમાજના સર્વાંગી વિકાસમાં યત્યકિંચિંત યોગદાન આપવું તેવી દરેકની ભાવના બની રહે તો સમાજનો વિકાસ મજબુત બને.

*શિખર તક પહુંચને કી હમ ઉમ્મીદ રખતે હૈ,*
*ખુશી હૈ બસ ઈતની કી હમ કોશિષ કરતે હૈ ॥*

સમાજનું આપણા પર મોટું ઋણ છે. આપણા ઘડતર પાછળ સમાજના કેટલાય પરિબળો ભાગ ભજવ્યો હોય છે. વાદળાઓનો સમૂહ સૂર્યને લાંબો સમય ઢાંકી રાખી શકાતો નથી. સંપ-સંગઠન, શિક્ષણ દ્વારા સમાજની ઉન્નતિ થઈ શકે છે. નાના માણસોના મોટા કાર્યોજ સમાજની આધારશીલા છે. જીવનશક્તિ વહેતી રહે અને જ્ઞાનની ક્રાંતિનો ઉદય થાય ત્યારે જ સમાજ બદલાય છે. સમાજ સર્જનાત્મક હોય તે જરૂરી છે. સમાજ એ આપણી બહાર છે અને સમજ એ આપણી અંદર છે. બહારના સર્ટિફિકેટ ઉપર જીવાય નહી. વિચારક સમાજને ઉર્દ્વજીવન પ્રેરક વિચાર આપે છે. પણ આ વિચારનો કઈ રીતે ઉપયોગ વિનિયોગ કરવો તે સમાજે નક્કી કરવાનું છે. સમાજને પવિત્ર અને ઉચ્ચ કોટીની વ્યક્તિઓની જરૂર છે. વ્યક્તિ અને સમાજ નિર્માણ એક બિજા પર આધારિત છે.

કાણાં પડિયામાં નાખેલ અમૃત ઢોળાઈ જવાતું. સ્વભાવની કચાશ, અચોકસાઈ, કામ, ક્રોધ, લોભ, મોહ એ બધા સંસારીના જીવનમાં કાણાં છે. અમૃત ચાખવું હોય, મૃત્યુનાડર ને હટાવવો હોય તો જીવનનાં કાણાં પૂરો અને તમારા સંસારને ફૂલવાડી સમો મહેંક્તો બનાવો.

*મંડળના સભ્યો માટે હોલસેલ ભાવે દવા મેળવવાનું સ્થળ*
**PREETI PHARMA**
INDER BAGH, SULTAN BAZAR, HYDERABAD 500 095.
PHONE : 6553 3588, 6558 6970.



# મંત્રીશ્રીનો અહેવાલ

**અમૃતલાલ ભાણજી નિશર**

### *નૂતન વર્ષાભિનંદન*

નવો વર્ષ સહુ માટે લાભદાયક અને તદુરસ્તિ પૂર્ણ રહે એવી અભિલાષા.

દીપાવલી અને નવા વર્ષના મિલન પ્રસંગે સારો મનોરંજનનો કાર્યક્રમ આપણા યુવાનોએ યોજયો અને બધાને આનંદ કરાવ્યો લગભગ ૮૦૦ સભ્યોએ ભાગ લીધો. સંચાલકશ્રી અને સાથીદારોનો ખૂબજ આભાર અને પુરસ્કાર મેળવનાર દરેક ભાઈ બહેનોને અભિનંદન.

ઘણી સમિતિઓના સંચાલક ખૂબજ ઉત્સાહ પૂર્વક પોતાના કાર્ય કરી રહ્યા છે અને જરૂરત હોય ત્યાં ફંડ પણ ઉભુ કરીલે છે દરેકને ખૂબ ખૂબ અભિનંદન. બાકીની સમિતિઓના સંચાલક પણ પોતાના કાર્ય પૂર્ણ કરવામાં સાથ સહકાર આપે તો હોદેદારોને પ્રોત્સાહન મળશે અને હજી વધુ કાર્યો થઈ શકશે. કિર્તિભાઈ ભવન મેન્ટેનેન્સ અને ખજાનચીના કાર્ય થી ફ્રી થાય તો માવજત સમિતિ તરફથી સ્વાસ્થય શિબિરો યોજી શકાશે.

તા. ૩-૧૧-૨૦૦૯ના કારોબારીની સભા મળી ઘણી બાબતો ઉપર ચર્ચા વિચારણાં થઈ અને નિર્ણય લેવાયા.

ભવનની બુકીંગ નવેમ્બર માસમાં સારી છે. ભવનમાં હજી થોડી તકલીફો સામે આવે છે. તે બદલ પગલાં લેવાઈ રહ્યા છે. પાણી સૉફ્ટનર અને પ્યુરીફાયર, એરકન્ડીશન, એરકુલીંગ, જનરેટર વગેરેની સાર સંભાળ રાખવા ઘટતુ થઈ રહ્યુ છે. જે ઘણો સમય માંગી લે છે. એટલે કાર્યકરો ને ધ્યાન અને સહકાર આપવા વિનંતી.

# SHANTI PRIMARY SCHOOL

**Correspondent**
**VIPUL HARILAL NISAR**

After the vacations the school reopened in October. Classes are going on as per schedule. For the benefit of students it is proposed to hold a General Check-up camp with the aid of a Social Organisation in the coming month.

November is the month of birthday of Our First Prime Minister who is fondly called Chacha Nehru by the children and 14th November would be celebrated with fun and enthusiasm by them.

Dance classes are functioning twice a week on Saturday and Sunday. Children of the KMM Members can also join.

Timings : Saturday 4.00 p.m. to 5.00 p.m., Sunday 9.00 a.m. to 10.00 a.m.

Charges : Rupees Two Hundred per Month.

It is proposed to start Drawing and Music classes very shortly.

I request the youngsters of our Mandal to make use of this opportunity.

# માનવ મિત્ર સમિતિ

સંચાલક : ડૉ. દિલીપ પ્રાગજી ભાનુશાલી
સહસંચાલક : હરિલાલ ભીમશી સાવલા

ગત માસમાં કર્નુલ શહેર તેમજ તેની આજુબાજુ અતિવર્ષાને કારણે પુર આવતાં, અડધા કર્નુલ શહેરમાં પાણી ભરાતા પુરગ્રહસ્તમાં લોકકાર્ય માટે આપણા માનવ મિત્ર સમિતિના બે કાર્યકર્તા શ્રી હિતેન મણિલાલ સંઘોઈ તેમજ શ્રી દિપક આસારીયા માલદે, હૈદરાબાદ કેટર્સ એશોશીયન વતી ચાલતા રસોડામાં બનાવેલ અનાજના પેકેટનું વિતરણ બે દિવસ કરેલ. માનવ સેવા અર્થે તેઓએ જે સેવા આપી તે બદલ શ્રી હૈદરાબાદ કેટર્સ એસોશીયનના શ્રી મણિકાન્ત મોમાયાએ તેમનો આભાર વ્યક્ત કર્યો છે. બન્ને ભાઈઓને ખુબ અભિનંદન.

તે ઉપરાંત એક સદ્‌ગ્રહસ્થ તરફથી નીચે મુજબની સામગ્રી શ્રી હૈદરાબાદ કેટરીંગ એશોશીયેશનના શ્રી પ્રતાપ જાડેજા મારફ્તે કર્નુલ પહોંચાડેલ છે. ૫૦૦ કિલો ચોખા, ૧૦૦ કિલો દાળ, ૭૦૦ પેકેટ બીસ્કીટ, ૫૦૦ પરચુરણ ચીજવરતુ (પેસ્ટ, દવા વગેરે...)

**ગૌશાળા માટે દાન**

રૂા. ૫૦૦/- સ્વ. માતુશ્રી હેમલતાબેન મગનલાલ સાવલાના સ્મર્ણાર્થે
રૂા. ૫૦૦/- શ્રી ચંદ્રેશ દેવચંદ ગાલા
રૂા. ૨૫૧/- શ્રી મગનલાલ મુરજી મારૂ
રૂા. ૧૦૧/- સોનલ જીતેશ ગાલા

**આશ્રમ માટે દાન**

રૂા. ૫૦૦/- સ્વ. માતુશ્રી હેમલતાબેન મગનલાલ સાવલાના સ્મર્ણાર્થે
રૂા. ૨૫૧/- શ્રી મગનલાલ મુરજી મારૂ
રૂા. ૧૦૧/- સોનલ જીતેશ ગાલા

**હોસ્પિટલ માટે દાન**

રૂા. ૨૫૧/- શ્રી મગનલાલ મુરજી મારૂ
રૂા. ૨૫૧/- એક સદ્‌ગ્રહસ્થ તરફથી

**અવસાન :** સ્વ. મહેન્દ્ર કરમણ દેઢિયા, ગામ તુંબડી (હાલે મુંબઈ), અંતિમક્રિયા વખતે માનવ મિત્ર સહાયરૂપ થયા હતા.

**મુઠ્ઠીભર અનાજ યોજના**

યુવા વોલીન્ટર ભાઈ-બહેનોએ શ્રી ભગવાન મહાવીર જૈન રીલીફ ફાઉન્ડેશનને ડાઈલાસીસ રોગના આર્થીક સહાય માટે રૂા. ૮૫૦૦ની રાશી પ્રાપ્ત કરેલ છે. આ લોક કલ્યાણ માટે તેઓએ જે કાર્ય કરેલ છે તે બદલ તેઓ સૌને અભિનંદન.

મુઠ્ઠીભર અનાજ યોજનામાં ગત માસમાં ૨૫૦ કિલો ચોખા, ૪૦ કિલો દાળ પ્રાપ્ત થયા હતા. જેનું વિવિધ આશ્રમોમાં વિતરણ કરવામાં આવેલ છે.

DEEPAK MAVJI DHAROD
Cell : 98490 53458
(R) 6613 3650
BHAVANA TOURS & TRAVELS
RENT A CAR, INDICA, TATA SUMO, QUALIS, TEMPO TRAVEL &
SWARAJ MAZDA (16, 19, 24 SEATERS), SEMI DELUX BUSES (35, 40, 52, 55 SEATERS)
DAILY CITY TOUR, RAMOJI FILM CITY & KULPAK (જા.ખ.S-1502)


SHRI KUTCHI MITRA MANDAL
YUVA SAMITI
Presents
Join and Experience the Excitement of 2009
On
31st December 2009
Nirvana
Dance your way to incarnation
The Most Safest Venue
The Newly Renovated Air Conditioned
Kutchi Bhavan
For Sponsors, co-sponsors
Event sponsors,
please contact
Gaurav Gada - 9849056838
Tejas Gala - 9885348158
Pratik Savla - 9885964065
Stag 125/-
Couple 200/-
with Dinner
Only for KMM Members
*Get Dressed in Bollywood Outfit &
Win Exciting Prizes



## શાંતિવન સમિતિ

સંચાલક : હંસકુમાર સાયલા
સહસંચાલક : દામજી માવજી સાવલા

પારીવારીક સમન્વય સાધીને કૌટુંબીક વાતાવરણમાં કુટુંબની તથા સમાજની પ્રગતી સાધી શકાય એના અનુરૂપ એક પારીવારીક કાર્યક્રમનું આયોજન

**“બાળકો અને વડિલોની અંતાક્ષરી”**

**રવિવાર દિ. ૨૦ ડિસેમ્બર ૨૦૦૯**

**સાંજના ઠીક ૪.૦૦ વાગ્યા થી**

**શ્રી કચ્છી ભવન, રામકોટ, ઈડનબાગ મધ્યે રાખવામાં આવેલ છે.**

મંડળના સર્વે સભાસદોને ખાસ આગ્રહભરી વિનંતી કે પ્રત્યેક સભાસદોએ આ કાર્યક્રમમાં હાજર રહી કાર્યક્રમના ઉલ્હાસમય વાતાવરણમાં સહભાગી થઈ શોભામાં અભીવૃધ્ધી કરશોજી.

**કાર્યક્રમ બાદ સાત્વિક ભોજનની વ્યવસ્થા રાખવામાં આવેલ છે.**



## રમત-ગમત સમિતિ

સંચાલક : મનીષ એમ. સાવલા
ફોન : ૯૩૯૧૦ ૨૪૧૦૮

નવનીત કપ ક્રીકેટ ટુર્નામેન્ટની તૈયારી શરૂ કરવામાં આવેલ છે, પાર્ટીશીપેન્ટ માટેના નામો ખુબજ સારી સંખ્યામાં આવી ગયેલ છે.

ક્રીકેટ કોચીંગ ટુંક સમયમાં શરૂ કરવામાં આવશે. ભાગ લેવા માટે નામ નોંધાવવાની છેલ્લી તા. ૨૫-૧૧-૨૦૦૯ છે. પછી થી આવેલ નામ લેવામાં નહીં આવે.

Our prepration for participating in Navneet Cricket Cup (Mumbai) is in full swing. The response from our boy's is very good coaching will start very soon.

We will be closing the registration very soon kindly register before Nov. 25th.

Committee is thankful to Shri Hemang Momaya (Gaurav Caterer's) for sponsoring the apparels of our tem.

## સંસ્થા સમાચાર

**ગાલા નુખના** વિશાલ માતાજીને નમતા સર્વે ભાવિકોની સમુહ પહેડી રવિવાર તા. ૧૫-૧૧-૨૦૦૯ના સવારના ૯.૪૫ કલાકે શ્રી કચ્છી ભવનમાં રાખવામાં આવેલ છે. ગાલા નુખના સર્વ ભાવિકો તથા નિયાણી બહેનોને પધારવા ભાવભીનું આમંત્રણ છે.

**રતનવીર નેચર ક્યોર** : આજના પ્રદુષણભર્યા યુગમાં “નૈસર્ગીક કુદરતી” વાતાવરણમાં “શ્રી બિદડા સર્વોદય ટ્રસ્ટ” સંચાલીત માતુશ્રી રતનબેન લખમશી ગેલાભાઈ સાવલા “રતનવીર નેચર ક્યોર” સંપૂર્ણ સુવિધાથી સુસજ્જિત તમામ પ્રકારના રોગોના ઉપચાર માટે આપની સેવામાં તત્પર છે. આપશ્રી નીચે દર્શાવેલ ટે.નં. તેમજ વેબસાઈટ, અગર ઈ-મેલ દ્વારા સંપર્ક કરી શકો છો. આ ટ્રસ્ટ ૩૫ વર્ષથી સેવા કાર્ય કરી રહ્યું છે. ફોન. ૦૨૮૩૪-૨૪૪૪૪૪, Email : bidadahospital@hotmail.com, Website : www.bidada.org.



## મહિલા સમિતિ

સંચાલિકા : શ્રીમતી ખુશાલી જયેશ નાગડા
સહ સંચાલિકા : શ્રીમતી અવની અનિશ છેડા

શ્રી કચ્છી મિત્ર મંડળ મહિલા સમિતિ સર્વે બહેનોને નવા વરસની શુભેચ્છાઓથી વધાવે છે અને આપનું નવુ વરસ વિતે સરસ એવી મનોકામના કરે છે.

સ્વસ્થ, સુશીલ અને શાંત મન અને સુંદર, નીરોગી શરીર, એક તૃપ્ત આત્માની નીશાની હોય છે. તો મહિલા સમિતિ બધીજ બહેનોને, સ્વસ્થ અને સુંદર થવા પ્રેરીત કરતા એક અવિસ્મર્ણીય કાર્યક્રમ અર્પણ કરે છે.

**શુક્રવાર તા. ૪ ડિસેમ્બર ૨૦૦૯, બપોરે ૨.૩૦ કલાકે થી**

**સ્થળ : શ્રી કચ્છી ભવન, રામકોટ, હૈદરાબાદ**

**શ્રી કચ્છી મિત્ર મંડળ મહિલા સમિતિ અને ''શ્રી રાજ જ્વેલરી''**

પ્રથમ વખત પ્રસ્તુત કરે છે.

આપણી "માતૃભૂમિ કચ્છ" અને "કર્મભૂમિ હૈદરાબાદ ના સંગમની એક રંગબેરંગી ઝલક આપતુ

## ''મેગા ફેશન શો''

## ''કચ્છની કોરી થી કોહીનૂર સુધીની સફર''

જેમા ભાગ લઈ શકશે ૭ થી ૭૦ વર્ષ સુધીની બહેનો અને ૧૫ વર્ષ સુધીના બાળકો



## "મેગા ફેશન કૉનટેસ્ટ"

## ''સ્ત્રીના સપ્તરંગી સપના''

જેમા બહેનોને પ્રોત્સાહન આપવા એમની સમજ અને સૌંદર્યની થશે કસોટી,
આ ફેશન કોન્ટેસ્ટમાં બે વય ગ્રુપ રાખવામાં આવેલ છે.

Below 40 અને Above 41 જેમા ફક્ત પરિણીત બહેનોજ ભાગ લઈ શકશે.
ફેશન કૉનટેસ્ટ માં બન્ને ગ્રુપમાં પ્રથમ વિજય મહિલાઓને

**Mrs. Kutchhi Mahila Energetic 2009** (Below 40)

અને

**Mrs. Kutchhi Mahila Experienced 2009** (Above 41)

નો પુરસ્કાર Crown પહેરાવીને આપવામાં આવશે.
અન્ય ઘણા બધા ઈનામો પણ આપવામાં આવશે.

ફેશન શો તથા ફેશન કોન્ટેસ્ટમાં ભાગ લેનાર સર્વે હોંશીલી બહેનોને એક કુશળ કોરીયોગ્રાફર પાસેથી રેમ્પ વોકની ટ્રેનિંગ આપવામાં આવશે. જે બહેનો શ્રી કચ્છી મિત્ર મંડળની સભ્ય હોય તેજ ભાગ લઈ શકશે. સમયના અભાવના કારણે મર્યાદિત સંખ્યામાં તા. ૨૧-૧૧-૨૦૦૯ સુધીજ નામ લેવામાં આવશે.

નામ લખાવવાં ખુશાલી જયેશ નાગડા - ૯૨૪૬૫ ૨૨૪૭૬, અવનિ અનીશ છેડા-૯૨૪૬૫ ૦૫૫૫૧, હિના હિતેન નાગડા-૯૩૯૭૬ ૫૭૩૪૩, દીપા પંકજ દેઢિયા-૯૪૪૧૨ ૨૧૬૫૦.

# સમાજ દર્પણ

## સગપણ

| | | | |
|---|---|---|---|
| ૧) | ચિ. ભાવીકા મુકેશ ખીમજી ગોસર | મંજલ રેલડીયા | હૈદરાબાદ |
| | ચિ. મિલન રમણીક ગોગરી | ટુન્ડા | ચેન્નઈ |
| ૨) | ચિ. હિતેશ હીરાચંદ લોડાયા | રાપર | હૈદરાબાદ |
| | ચિ. ખુશબુ દિલીપ દંડ | સાંધવ | હૈદરાબાદ |

## નવું સરનામું

**વિપુલ ખીમજી સાવલા**, ૩૦૪, રોયલ મનહર એપાર્ટમેન્ટ, બરકતપુર,
શાલીની હોસ્પીટલની બાજુમાં, હૈદરાબાદ.
ફોન. (નિ.) ૬૪૬૪ ૬૪૨૨ (ઓ.) ૬૬૬૬ ૫૫૪૩ (મો.) ૯૨૯૯૯ ૯૯૬૬૪.

**નવલબેન મહેન્દ્ર ધરમશી**, આર. એસ. ભંડારી હાઉસ, ૩-૨-૩૫૭/૧, પહલે માળે,
લાલબહાદુર સ્કુલની પાછળ, નિંબોલિઅડ્ડા, હૈદરાબાદ ૫૦૦ ૦૨૭. આં.પ્ર.

## નવા ફોન નંબર

હસમુખ મેઘજી ગડા – મો. ૯૫૩૩૭ ૭૫૮૬૪.




**MARVEL Beauty Parlour**

*We specialises in Bridal Make-up, Hairstyle & Mehendi.*
*Skin, Anti Dandruff & Hair Treatment*

*We conduct classes for* **MEHANDI & BEAUTY COURSES**

LEARN PERSONAL BEAUTY COURSE IN RS. 700/- ONLY
Non Surgical Face Lifting, Under Eye Dark Circles Treatment, Skin Polishing Treatment,
Anti Dandruff Treatment, Radiance Glow, Lighting Facial. Temporary & Permanent Hair Straightening

**SPECIAL OFFER FOR YOU**
**"BEAUTY PACKAGE" for Just Rs. 300/- only**
Bleaching or Hair Massage, Facial, Waxing, Pedicure,
Manicure & Eyebrow. + Rs. 50/- apply only Hairdye or Heena.
***DON'T MISS THIS OFFER***

(જા.ખ. H-1388, Oct.09)

**SPECIAL OFFER FOR BRIDAL PACKAGE**

Contact in Person : **PRAGNA H. SHAH Ph : 92473 04982**
# G-4, Lakshmi Narayan Apartments, Near Mahalakshmi Dairy, Kutbiguda, Hyderabad - 27.



## મનોરંજન સમિતિ

સંચાલક : પંકજ હીરજી સાવલા
ફોન :

## કચ્છી સ્પોર્ટસ અને કલ્ચરલ દિવસ

**રવિવાર તા. ૧૭-૦૧-૨૦૧૦, સ્થળ : શ્રી કચ્છી ભવન**

જેમા હશે વિવિધ રમત-ગમત અને મનોરંજક હરીફાઈઓ કેરમ, ચેસ, ફન ગેમ્સ, એક મીનટ ગેમ્સ, ફેન્સી ડ્રેસ, સ્કીટસ, સંગીતમય અન્તાક્ષરી જેવી મનોરંજક હરીફાઈઓ કાર્યક્રમની વિગત ડિસેમ્બર માસના નિયાંપોથી આપવામાં આવશે.

Manoranjan and Ramatgamat Samiti Combines to give you an exiting fun filled "Sports & Cultural Day" on 17th January 2010. There wil be Chess, Carrom, One minute fun, Games, Fancy Dress, Skits and Musical Events. Details of Programme will be given in December Edition.

*શ્રી કચ્છી મિત્ર મંડળના પદાધિકારીઓ, સ્પોન્સર પરિવારજનો તથા સંચાલકો*

*શ્રી મનોરંજન સમિતિના સંચાલક કાર્યકર્તા તથા વિજેતાઓ*

શરદપુર્ણિમા અને દીવાળી સ્નેહમીલન નિમિત્તે આયોજીત કાર્યક્રમમાં ઉમંગ અને ઉત્સાહપૂર્વક પધારેલ સર્વે મેમ્બર ભાઈઓ બહેનો અને બાળકો તથા પધારેલ સર્વ પદાધીકારીઓનું ખુબ ખુબ આભાર.

આ પ્રસંગે આયોજીત વિવિધ હરીફાઈઓમાં ભાગ લેનાર તથા વિજેતાઓને ખુબ ખુબ અભિનંદન, કે જે ઉત્સાહથી હરીફાઈઓમા ભાગ લીધેલ તે અમને બીજી હરીફાઈઓનું આયોજન કરવા માટે ઉત્સાહ પાડેલ છે. સાથે આરતિ, દાંડિયા અને કંડીલ ડેકોરેશન સહુનું મનમોહી લે એવું રહ્યું.

જ્યાં, જય બીટસના તાલે ખેલૈયાઓ ગરબા દાંડીઆ અને મટુકડી રમવાનો આનંદ માણયુ, અને સાથે તારા કેર્ટસની સ્વાદીષ્ટ વાનગીઓની મજા માણી. દરેક સફળ કાર્યક્રમની શોભા સ્પોન્સરના સાથ અને સહકાર ઉપર રહે છે, અને આપણને ગર્વ છે તે મંડળને દાતાની ખોટ ક્યારે પણ જણાતિ નથી.

આ કાર્યક્રમના સર્વ સ્પોન્સરોનાં અમો ખુબ ખુબ આભારી છીએ.

મુખ્ય સ્પોન્સર્રસ : માતૃશ્રી મણીબેન રતનશી ગોગરી પરિવાર તથા કવિતા કીર્તીકુમાર ટોકરશી કાપડીયા અને સાથે સહાયક સ્પોન્સર્ર હતા.

નીલગીરીજ નમકીન, શાંતિ ગૃપ, ઈન્ડીયન ઓપ્ટીક્સ, મીલન ડ્રેસેસ, પોપ્યુલર ડ્રેસેસ, પારસ એજન્સીસ, રાજ જ્વેલરી, શ્રી શાંતી સ્ટોર્સ, ઈન્ડીયન એમ્પોરિયમ, પદ્માવતિ એન્ટરપ્રાઈસ, આરતિ કલેક્શન, અલ્કા મારકેટિંગ, બીગશોટ, રાજશ્રી નમકીન, ડ્રેસ લેન્ડ, વિશાલ મેચીંગ, રાજ જ્વેલ્સ, શ્રી શાંતિનાથ ગ્રેનાઈટ, તારા કેટર્રસ, વરલક્ષ્મી બ્રોકર, લીયો પેકર્સ, બ્લુ સ્ટાર ગ્રુપ, ગાંધી જ્ઞાન મંદિર, નવરંગ, ફ્રેન્સ શોશ્યલ ગ્રુપ.

**વિવિધ હરિફાઈઓના વિજેતા**

| | | |
|---|---|---|
| **આરતિ ડેકોરેશન** | પ્રથમ | ભવ્યા મુકેશ ગોસર |
| | દ્વિતીય | પ્રીતિ પંકજ સાવલા |
| **દાંડીયા ડેકોરેશન** | પ્રથમ | હીના વિજય દેઢિયા |
| | દ્વિતીય | પૂનમ મેહુલ હરીયા |
| **કેડીલ ડેકોરેશન** | પ્રથમ | ઉર્વી હરેશ દેઢિયા |
| | દ્વિતીય | ચંદન હરીશ દેઢિયા |

**ગરબા હરીફાઈ વિજેતા :** રક્ષીત ગાલા, યશ એચ. ગડા, લલીતકુમાર દીલીપ દંડ, મુકેશ ગોસર, વિધી હેમાંગ મોમાયા, ફેમી ડી. ગડા, ચાર્મી પંકજ સાવલા, હર્ષીતા મોમાયા, પ્રજ્ઞા ટી. ગાલા.

**દાંડિયા હરીફાઈ વિજેતા :** કેવીન પી. ગાલા, સંચીત પરેશ ગાલા, મેહુલ દેઢિયા, ચેતન પી. ગાલા, હેતાલી વી. ભેદા, સીમરન વિપૂલ શાહ, યશીતા દેઢિયા, વર્તીકા મોતા, પૂનમ પી. લોડાયા.

**વેશભુષા હરીફાઈ વિજેતા :** દીપ આર. ગડા, મીહીર એસ. વોરા, રૂષભ ગોસર, મૈત્રી નરેન ગોસર, શ્રદ્ધા એસ. શાહ, કૃપાલી કારાણી, ધારીણી પારસ જાગીરદાર, હર્ષ વી. ગાલા.

**મટુકડી સ્પેશીયલ પ્રાઈઝ :** લતાબેન મોમાયા
**સીનીયર સીટીઝન કપલ :** મહેશભાઈ અને રીટાબેન
**સીનીયર સીટીઝન ગરબા :** વિમલાબેન વલ્લભજી સાવલા

લક્કી કુપન ના બે ઈનામો આપવામાં આવેલ અને આરતિ દાંડિયા, કંડીલ ડેકોરેશનમાં દરેકને કોન્સોલેશન ઈનામ આપવામાં આવેલ.

આ કાર્યક્રમમાં પોતાનું અમુલ્ય સમય આપી જજમેન્ટનું કાર્ય સંભાળેલ માટે શ્રીમતી અલ્પાબેન વોરા, શ્રીમતી રૂપાબેન વોરા, શ્રીમતી મેઘા બેન્કરનું ખુબ આભાર.

સફળ કાર્યક્રમના આયોજન માટે સારા કાર્યકરોની મહેનત અને લગન સામેલ હોય છે એવા સર્વ સાથી કાર્યકરો અને ફ્રેન્ડ્સ સોશ્યલ ગ્રુપના સાથી કાર્યકરોનો ખુબ ખુબ આભાર.

Estd: 1980

**Dealers & Stockiest**

INDUSTRIAL ELECTRONIC COMPONENTS & TOOLS

Estd: 1979

**KIRAN electronics**

Ph (040) 2475 0656, 6453 8636

Fax :( 040) 2475 8636.

Email: hydkiranelec@yahoo.com

**SANGHVI BROTHERS**

Telefax (040) 2475 2518.

Email: hydsanghvi@yahoo.com

Be vegetarian * Say Yes To Tobacco & Alcohol * never

(જા.ખ. Oct 09)

**શ્રી ઘનશ્યામ જે. ભટ્ટ**

Ph : 6564 1868
90007 98770

**(ગુજરાતી મહારાજ)**

**શ્રી સત્યનારાયણની કથા, ગ્રહ પ્રવેશ, લગ્ન વિધિ, રાંદલ માતાના લોટા, નક્ષત્ર શાંતિ, શ્રાદ્ધકર્મ, જન્મકુંડલી, મેળાપક તેમજ બધા પ્રકારની પૂજા પાઠ માટે**

Bharati Nilayam, 3-2-186, Sunargalli, 3rd Floor, Near Lord Shiv Temple,
Nimboliadda, Kachiguda, Hyderabad 500027. (જા.ખ.Q-2593 Oct 09)



**FOR ALL YOUR COMPUTER WORK**

- SOFTWARE INSTALLATION
- TROUBLE SHOOTING • VIRUS CLEANING ETC.
- NEW COMPUTER SALES & PURCHASE

Contact : **DEVESH - 94407 23277.**

(જા.ખ.S-2517)



Shanker Yadav

**નમ્ર નિવેદન – અપીલ**

ભારતીય જનતા પાર્ટીના સુલતાન બાજાર વોર્ડના
લોકલાડીલા ઉમેદવાર ભાઇશ્રી શંકર યાદવને
આપનો અમુલ્ય મત આપી વિજયી બનાવશો...

રિદ્ધીશ રમેશ જાગીરદાર

**Chandraprabha Graphics**

Computerised Astrological Charts (Kundli) in Hindi & English

Advertising - Designing - Printing

37, Royal Plaza Complex, Sultan Bazar, Hyderabad 95.

Ph : 040-66780780, 98499 88999



Ridesh Jagirdar

(જા.ખ.Q-2593 Oct 09)


**DONATE EYES - LIVE TWICE**

☛ ALL MEDICINES AT WHOLESALE RATE
☛ FREE DOOR DELIVERY FOR BULK PURCHASE
☛ હોલસેલ ભાવે દરેક દવા તેમજ મોટા ઓર્ડર
માટે ફ્રી હોમ ડિલીવરી સર્વિસ

**KAMALESH PHARMA**

PHARMACEUTICAL DISTRIBUTORS
4-4-230/3, Shop No. 2, Inderbagh, Kothi, Sultan Bazar, Hyderabad-95.
Ph : 65981701, 64611701, 24757393.

*Bhasker* 6461 1701
*Deepak* 98490 17501
*Anup* 2475 7393

(જા.ખ. H-2229, July.09)



દરેક પ્રકારના લાઇફ તથા જનરલ વીમા માટે સંપર્ક કરો :
**લક્ષ્મીચંદ કેનિયા** M.A. MDRT (USA)
ઓફિસ : ૪-૪-૨૨૮, ઈન્દ્રબાગ, સુલતાન બજાર, હૈદરાબાદ – ૫૦૦ ૦૯૫.
નિવાસ : ફ્લેટ નં. ૧૦૭-૧૦૮, શ્યામ એન્કલેવ, આર્ય સમાજ મંદિરની સામે, બડી ચાવડી, સુલતાન બજાર, હૈદરાબાદ ૫૦૦ ૦૯૫. ફોન. (નિ.) ૬૪૫૬ ૨૭૫૪ (મો.) ૯૮૪૯૬ ૪૭૨૫૯
(જા.ખ. S-1157, Aug.09)

Prop. **V. Laxman Rao**
Cell : 98490 37392, 99890 57799
6513 9829, 2473 0011



**BHAVANI TRAVELS**
RENT A CAR, TATA INDICA, TOYOTA, QUALIS, INNOVA, ACCENT, SWARAJ MAZDA, MINI BUS.
2-4-113/54, Opp. Kumar Theatre, Kachiguda Station Road, Hyderabad 500 027. (જા.ખ.-S-1610 July 09)

''હોલસેલ ભાવે દવા મેળવવાનું સ્થળ''
Vikas Bangad
Aditya Bangad
**USHA PHARMA**
# 4-4-230/1, Inderbagh, Sultan Bazar, Hyderabad - 500 095.
Ph : 6522 3381, 2476 1623 Cell : 93910 10398
ALL MEDICINES ON WHOLE SALE RATES
(જા.ખ.S-1455, Nov. 09)

## રોયલ ફીઝીઓથેરાપી સેન્ટર

કમર દર્દ, સાયાટીકા, એડીમા દર્દ, લકવો, ઘૂંટણમાં દર્દ, સ્પોન્ટીલોસીસ વગેરે માટે સારવાર મળશે.

બાળકોની તકલીફ માટે પેડીયાટ્રીક ફીઝીઓથેરાપી ટ્રીટમેન્ટ આપવામાં આવશે.

પથારીવશ દર્દીઓ માટે હાઉસ વીઝીટની સેવા મળશે.

MCP ફૂટવેયર, ડાયાબેટીસ વાલા માટે એડીમાં દર્દ, ઘૂંટણમાં દર્દ, કમર દર્દ, કપાસીયા ફલાટ ફૂટ, પગના ચીરા માટે ચપલ, સેન્ડલ, બુટ, સ્લીપર મળશે. તમામ સર્જિકલ આઈટમ પણ મળશે.

**નોંધ :** ડીસ્ટન્સ એજ્યુકેશન, પાસ/ના પાસ, ડીગ્રીધારી, B.A., B.Com, (Gen/Comp.), B.Sc., BBM, BCA, BFA, BPA, BHM વગેરે તેમજ M.A., M.Com., M.Sc., MCA, MBA, BL/Sc (લાયબ્રેરી સાયન્સ) S.V. University, Dravidian University થી ઉપલબ્ધ છે.

C/o. પ્રશાન્ત કોલેજ, કુમાર થિયેટરની સામે, કાચીગુડા, હૈદરાબાદ – ૨૭.

**ફોન. ૯૩૯૧૦ ૧૭૮૩૩, ૯૨૪૬૩ ૬૩૭૧૧.**

**૯૩૯૯૯ ૫૩૦૩૫, ૯૩૪૬૪ ૬૬૩૪૫, ૬૪૫૪૫૨૩૦, ૨૪૬૦ ૨૧૯૫.**

(જા.ખ.H-2523)





## R.S. BANDHANI HOUSE

*કચ્છની કલામય બાંધણીઓ હૈદરાબાદમાં*

કચ્છની બાંધણીઓનો ખજાનો પ્યોર સિલ્ક, ગંજીસિલ્ક, ઈટાલિયન ક્રેપ, જોરજટ ઈટાલિયન સામો તથા બનારસીમાં ઝીણા બંધેજ અને મીનાકારીમાં આકર્ષક અવનવી બાંધણીઓ, રીયલમાં ઘરચોળા તથા શ્રીમંત પ્રસંગ માટે ગ્રીન કલરમાં વિવિધ બાંધણીઓ, રંગબેરંગી ચણિયાચોળી અને અદ્યતન નવા પંજાબી ડ્રેસ મટેરિયલ, બેડશીટો તથા અન્ય આકર્ષક વેરાયટીઓ હોલસેલ ભાવે રીટેલમાં મળશે.

**નવલબેન મહેન્દ્રકુમાર ભોગીલાલ ધરમશી**

૧૫–૨–૫૮૪, ૧લે માળે, સોની ભવનની બાજુમાં, મહારાજ ગંજ, હૈદરાબાદ.

ફોન. ૨૪૬૦ ૦૮૧૦, ૨૪૬૫ ૫૬૨૨.

(જા.ખ. H-2482 Oct 09)

# Kutchi Oswal Mutually Aided Co-op Credit Society Ltd.

101, S.V. Fortune, 3-5-43A, Edenbagh, Ramkote, Hyderabad 500 095.
Tele : 040 - 2475 2185, 6455 6563. Email : komacs@yahoo.co.in

## HALF YEARLY FINANCIAL REPORT

(Rupees in Lakhs)

| INCOME | 6 Months Ended 30-09-09 | 6 Months Ended 30-09-08 | Year Ended 31-03-09 |
|---|---|---|---|
| Loan Service Charges | 69.05 | 60.70 | 127.05 |
| Other Income | 4.07 | 2.90 | 7.02 |
| **Total** | **73.12** | **63.60** | **134.07** |
| **EXPENDITURE** | | | |
| Administrative & Other Exp., | 49.80 | 41.90 | 86.48 |
| Finance Expenses | 5.28 | 4.16 | 10.92 |
| **Total** | **55.08** | **46.06** | **97.40** |
| **Net Income** | **18.04** | **17.54** | **36.67** |
| **FUND & LIABILITIES** | | | |
| Share Capital & Reserves | 338.34 | 322.72 | 319.40 |
| Deposits | 1217.01 | 1002.01 | 1071.10 |
| Other Liabilities | 8.65 | 10.15 | 34.30 |
| **Total** | **1564.00** | **1334.88** | **1424.80** |
| **ASSETS & PROPERTIES** | | | |
| Fixed Assets | 50.33 | 50.40 | 51.01 |
| Loans | 1287.17 | 1260.30 | 1348.71 |
| Other Assets | 226.50 | 24.18 | 25.08 |
| **Total** | **1564.00** | **1334.88** | **1424.80** |

## IMPORTANT ANNOUNCEMENT

**The Maximum limit for Home Loan has been increased from Rs. 25 Lakhs to Rs. 35 Lakhs**

* * * * *

The Maximum limit for Business Promotion Loan has been increased from Rs. 15 Lakhs to Rs. 25 Lakhs

* * * * *

**KHUSHAL L. GALA**
Managing Director

**SANJAY N. GALA**
Chairman

(શ્રી. ય. F-2572)

# હાર્દિક આમંત્રણ

હિમાલયના પરમસિદ્ધ યોગી **પ.પૂ. શ્રી શિવકૃપાનંદજી** (બાબા સ્વામીજી)ની નિશ્રામાં આત્મશાંતિ અને પરમ ચૈતન્યની અનુભુતી માટે પધારો.

## આત્મશાંતિ સમર્પણ મહાશિબિર

**બુધવાર તા. ૨૫-૧૧-૨૦૦૯ થી બુધવાર ૨-૧૨-૨૦૦૯ સુધી**
**સાંજે ૬.૦૦ થી ૮.૩૦ કલાકે સુધી**
**શિબિર સ્થળ : પ્રગતિ કૉલેજ મૈદાન, હનુમાન ટેકડી, હૈદરાબાદ**

**''વિશ્વશાંતિની શરૂઆત આત્મશાંતિથી સંભવ છે.''**

સ્નેહી જનો,

દરેક વ્યક્તિ એવી ઈચ્છા ધરાવે છે કે પોતે અને પોતાનો પરિવાર સુખી અને આનંદીત જીવન જીવે અને તે માટે તે પ્રયત્નશીલ હોય છે. માતા-પિતા તરીકે સૌ ચૌક્કસ ઈચ્છે. જ કે પોતાના સંતાનો સુસંસ્કારીત હોય અને જીવનમાં ઉત્તરોત્તર સર્વાંગી પ્રગતિ કરે.

આજના સ્પર્ધાત્મક યુગમાં આગળ વધવા માટે વ્યક્તિ જાત જાતના વિચારો અને પ્રયત્નો કરે છે. અતિ વિચાર કરવાથી વૈચારીક પ્રદુષણ વાતાવરણમાં ઉત્પન્ન થાય છે. આવા પ્રદુષિત વાતાવરણમાં રહેવુ એ આપશ્રી મજબુરી છે. (રહેવુ પડે છે)

આવા પ્રદુષિત વાતાવરણમાં પણ સુખી અને આનંદીત રહી પ્રગતી કરવીએ મુશ્કેલ છે. પરંતુ આ પ્રતિકુલ પરિસ્થીતિને અનુકુળ બનાવવામાં ધ્યાન ખૂબ મદદ કરે છે. ધ્યાનની અનેક પદ્ધતિઓ પ્રચલીત છે. તેમાની એક પધ્ધતી જેને વિશ્વના દરેક દેશના સાધકોએ અપનાવેલ ચે. તે છે "સમર્પણ ધ્યાન".

આ ધ્યાન પદ્ધતિમાં કોઈ પણ વ્યક્તિ ધ્યાન કરી શકે છે. કિશોર અને યુવાનોને "સમર્પણ ધ્યાન" પદ્ધતિ સર્વાંગી વિકાસમાં ખુબ મદદ રૂપ થાય છે.

સમર્પણ ધ્યાનથી એકાગ્રતા વધે છે. અને આંતરીક ગુણોનો વિકાસ થાય છે.

તો આવો સુખી, આનંદિત અને સંતુષ્ટ વિશ્વની રચના કરીએ અને આત્મશાંતિ યુક્ત જીવન જીવીએ.

PTO

**પ્રવેશ નિશુલ્ક**

(જા.ખ.F-2555, Nov.09)

## સમર્પણ ધ્યાનની વિશેષતાઓ

- ☞ આ ધ્યાનમાં કોઈ પણ ધર્મ, પંથ અને જાતીની વ્યક્તિ ભાગ લઈ શકે છે.
- ☞ આ ધ્યાન પદ્ધતી એકદમ સરલ છે. આમાં કોઈ પણ ક્રિયાનું સમાવેશ નથી.
- ☞ આ ધ્યાન માર્ગમાં કોઈ પણ પ્રકારના ખાવા-પીવાના પરેજ નથી.
- ☞ આ ધ્યાન ચૈતન્યનો અનુભૂતિ પ્રધાન છે.
- ☞ આ ધ્યાન બેહેનો પણ ૩૬૫ દિવસ કરી શકે છે.

## સમર્પણ ધ્યાન નિયમીત કરવાથી નીચે મુજબના લાભ થઈ શકે છે.

- ☞ શારિરીક તંદુરસ્તી સારી થઈ રોગ-વ્યાધિઓથી મુક્તી મળી શકે.
- ☞ જીવન તનાવમુક્ત અને વ્યસન મુક્ત થાય.
- ☞ જીવનમાં સકારાત્મક વિચાર વધે.
- ☞ એકાગ્રતા વધે અને તેનાથી કાર્યો ઉત્તમ રીતે સંપન્ન થાય.
- ☞ આત્મ જાગૃતિથી ધીરે-ધીરે આત્મભિમુખ બની શકીએ.

(જા. પ.F-2555, Nov.09)

આત્મ શાંતિ સમર્પણ મહાશિબિરમાં સરળ ભાષામાં સ્વાનુભવતા આધાર પર ચૈતન્યસભર પ્રવચનથી સમર્પણ ધ્યાનનો પરિચય, માનવ શરીર સ્થીત સાત ઉર્જા કેન્દ્રો (ચક્રો) ત્રણ નાડીઓ, ચંદ્ર નાડી (ઈડા), સુર્ય નાડી (પિંગલા) અને મધ્ય નાડી (...) વિષે માહિતી આપે છે. અને અત્યંત સરળ ધ્યાન પદ્ધતી શિખવે છે. સાથે જીવનમાં માનસિક શારિરીક, ભૌતિક, સામાજીક અને આધ્યાત્મિક સ્તરો પર થતા લાભોથી અવગત કરાવે છે.

સમગ્ર કાર્યક્રમ દરમ્યાન મોબાઈલ ફોનના અથવા નાના બાળકોના અવાજથી વ્ય... નહી આવશે એની તકેદારી અપેક્ષનીય છે તથા સમયની પાબંદી સાથે સંપૂર્ણ સમયની હાજરી થી શીબીરનો યોગ્ય લાભના આપશ્રી હકદાર બનશો.

આ અમુલ્ય પ્રસંગનો વિનામુલ્યે લાભ લેવા આપના મિત્ર મંડળ, સ્નેહીઓ અને જાહેર જનતાને પ્રોત્સાહીત કરી સહકાર આપવા નમ્ર અનુરોધ છે.

**શ્રી શિવકૃપાનંદ સ્વામીજીના દર્શન શિબિર તા. ૧૦-૧૨-૨૦૦૯ના દિવસે સાંજે ૫.૦૦ કલાકે EXHIBITION GROUND માં રાખેલ છે. આવી અમુલ્ય તકની જરૂરથી લાભ લેશો. આ માટે શિબિર કરવી જરૂરી છે.**

*શહેરમાં ચાલતા ધ્યાન કેન્દ્રો*

| કોઠી | મહારાજગંજ | નિમ્બોલી અડ્ડા | બરકતપુરા | પદ્મારાવ નગર |
|---|---|---|---|---|
| **ભાવના** | **હિરાવંતી મોતા** | **પારસ - ચંદ્રકાંત** | **નિતીન હેનિયા** | **વિજય ધરમશી** |
| ૯૭૦૪૪ ૫૭૯૦૩ | ૯૯૪૯૦ ૮૨૫૦૧ | ૯૨૪૭૮ ૮૭૫૨૫ / ૯૮૮૫૩ ૮૮૧૩૧ | ૯૯૪૯૮ ૬૬૯૯૧ | ૯૩૯૬૮ ૦૧૪૩૯ |

# વિવિધા

*બિછડને વાલો કો યાદ મેં ક્યા હોગે*
*સોતે હુએ કો ખ્યાલ મે ક્યા હોગે*
*હમ ચાહતે હૈ ઉમ્રભર કી દોસ્તી કા વાદા*
*કરો ઈસ સવાલ કા જવાબ ક્યો દોગે*

## જ્ઞાન

*અલ્પ બોલે તો જ્ઞાન વધે*
*વિનય કરે તો જ્ઞાન વધે*
*ગુરૂની સંગત કરેતો જ્ઞાન વધે*
*કપટ રહિત તપ કરેતો જ્ઞાન વધે*
*જ્ઞાનવંત પાસે જાણે તો જ્ઞાન વધે*

તમે રૂમાલ પાથરીને બેસો છો, ઉઠતી વખતે ઝટકીને ખંખેરીને ઉઠો છે, તેવીજ રીતે કોઇ પણ વાત કર્યા બાદ મન ને ખંખેરી નાખતા. હો તો હરખ-કે શોક જે વાત જ્યાં પતી ગઈ હોય, તેને ઝટકી ને ઉઠવું. તો મન સદા ખુલ્લું રહેશે અને શાંત રહેશે.

## શું તમે આ જાણો છો

તિર્થંકરના નિર્વાણ બાદ પૂર્વ દિશામાં ગોળાકાર ચિતા રચવામાં આવે છે.

ગણધરો માટે ત્રિકોણાકાર ચિતા રચવામાં આવે છે. મુનિવરો માટે ચોરસ ચિતા રચવામાં આવે છે.

તિર્થંકર ને પ્રથમ અગ્નિદાહ માત્ર અગ્નિકુમાર દેવતાઓ પ્રગટાવે છે.

મેઘકુમાર ક્ષીર સમુદ્રથી ચિતા શાંત કરે છે. ત્યાર બાદ દેવતાઓ નિચે દર્શાવેલ અસ્થિગૃહણ કરે છે.

અને દરેક દેવા હિરા જડીત ડાબલામાં રાખી પૂજા કરે છે.

તીર્થંકરના નિર્વાણ બાદ પૂર્વ દિશામાં ગોળાકાર ચિતા રચવામાં આવે છે.

ગણધરો માટે ત્રિકોણાકાર ચિતા રચવામાં આવે છે.

મુનિવરો માટે ચોરસ ચિતા રખવામાં આવે છે.

સૌધમેન્દ્ર તિર્થંકરની ઉપલી જમણી દાઢ ગ્રહણ કરે છે.
ઈશાનેન્દ્ર તિર્થંકરની ઉપલી ડાબી દાઢ ગ્રહણ કરે છે.
ચમરેન્દ્ર તિર્થંકરની નિચલી જમણી દાઢ ગ્રહણ કરે છે.
બલીન્દ્ર તિર્થંકરની નિચલી ડાબી દાઢ ગ્રહણ કરે છે.
બિજા ઈન્દ્રો તિર્થંકરની પ્રભુના દાંત ગ્રહણ કરે છે.
સમવસરણમાં કુલ્લ ૮૦,૦૦૦ હજાર પગથિમા હોય છે.

આચાર એ કેટલો સુંદર શબ્દ છે. તેને અતિ લગાડવામાં આવે તો અત્યાચાર જેવો વિનાશક અર્થ થઈ જાય છે. જીવનમાં કોઈ પણ વસ્તુની અતિ વિકૃતી અને વિનાશ તરફ પ્રેરે છે.

# માઁ

દસ ઉપાધ્યાય કરતાં એક આચાર્ય ચડે, અને સો આચાર્ય કરતાં એક પિતા ચડે અને સહશસ્ત્ર પિતા કરતાં એક માતા ચડે.

જેના ચરણોમાં માથું મૂકીને જન્મો જન્મના પાપ ધોઈ શકાય તેવી "માઁ".

"માઁ" એટલે ગુરૂ, "માઁ" એટલે કલ્પવૃક્ષ, માઁ એટલે સુખનો સાગર, માઁ એટલે પ્રેમનું પિયર, માઁ એટલે સદાબહાર વસંત, ગમે તેટલી ઉમર થાય તો પણ "માં" ના સગપણમાં કદી પાનખર આવતી નથી.

જીવનમાં સફળ થવું હોયતો માતા-પિતાની લાગણીઓને હમેંશા વિચાર કરતો.

માતા-પિતા, ગુરૂ વડિલોના આશીર્વાદમાં અપાર શક્તિ છે, "જે ઘરમાં મા-બાપનું પૂજન નહીં, સંતોનું આગમન નહી, મહેમાનોનું સ્વાગત નહીં, તે ઘરમાં લક્ષ્મીનો કદી નિવાસ નહીં".

"માં" એટલી બધી મોટી છે કે માનીમાં પણ હોય તોય એને "નાનીમાં" કહેવાય.

પાણીની કિંમત રણપ્રદેશમાં સમજાય, અનાજની કિંમત દુષ્કાળમાં સમજાય, ઉપકારી મા-બાપ ની કિંમત એમની ગેર હાજરીમાં જ સમજાય.

જીવતાં જ મા-બાપને ભૂલશો નહી.

## વાસ્તવીકતા

દુઃખ મળે કે સુખ મળે સ્વીકાર જે,
છાંય કે તડકો મળે સ્વીકાર જે,
સાંજ વેળા બાગમા જો જાય તો,
ફૂલ કે કંટક મળે સ્વીકારજો
હાથમાં રેખા જરૂરી હોય છે,
કામમાં અપયશ મળે સ્વીકારજે.

## પાંજો કચ્છ

જીયલ જ હાજ કે ઐં લાંગરીજા મ !
વૌંધલ, વુડ ધલકે ઐં સંધરીજા મ !
નાવડી તાં મધધરીએ સિરંધીજ રોંધી
આંધીથિઇ ઇનકે અટકાઇજા મ !
ભધનામી ડિઇ ઐ માર્યા જિનીકે,
ઉનીતા ખફણ ઐં ખિસકાઇજ મ !
અમરત ડિઇ ડિઇ જે ઉગાયો આંકે
ઉનીંજે પીયાલે ઝેર ધધકાઇજા મ !

| | | | | |
|---|---|---|---|---|
| સત – સત્ય | સઠ – સાઠ | સટ – દોડ | વેલો – જલદી | વિગો – વાંકો |
| લો – લોખંડ | લીરા – ચીંથરા | રાગો – લીંપણ | રગ – નસ | મૂંજો – મારો |
| મુંગણ – માંકડ | | | | |

## एक रुदन उजाड बस्तीकी

नैसर्गीक प्रकोप या मनुष्य के पाशवी कृत्य से जन जीवन कुछ समय के लिए नष्ट-भ्रष्ट हो जाता है । मगर फीर धीरे-धीरे नित्य क्रममें आ जाता है । जीसे देखकर कवि के ओढ गुनगुनाओ, और एक कविता के रुपमें कावीके भाव सामने आए ।

*इस दिलके उजाड बस्तीमें भी,*
*एक हल्की - हल्की सी रुदन है ।*
*निंदीयारे तोचनमें सपनों की धडकन है ।।*
*आसू भरी दुनियाँ में,*
*हसता जीवन जीने की तमन्ना है ।*
*इस दिनके उजाड बसीमें भी...*
*आए वक्तका सामना देने की हिम्मत है ।।*
*इस बस्ती में आए हुए पल का स्वागत है ।*
*आने वाले पलकी प्रतीक्षा है ।।*
*इस दिनके उजाड बस्ती मे भी...*
*एक मस्ती भरी गुन गुनाहट है ।*
*खुशी और गम के स्वर लहरोकी जम घट है ।*
*इस बस्तीमें एक छोटासा जीवन है ।।*
*इस दिलके उजाड बस्ती में भी...*
*'राजहंस' का मानस सरोवर है ।।*

## Answer the following Question

1) The First Prime Minister of Bangladesh was ?'
2) The longest highway in the world is the ?
3) The Country that accounts for nearly one third of the total teak production of the world is ?
4) The Country also known as "Country or Copper" is ?
5) The name given to the border which separates Pakistan & Afghanistan is ?
6) The Country which ranks second in terms or land area is ?
7) The Japaneese call their country is ?
8) The length of the English Channel is ?
9) The World's eldest known city is ?
10) The Country which is the largest producer of Manganese in the world is ?
11) The river which carries maximum quantity or water into the sec. is the ?
12) The Country called the land or Rising sun is ?
13) The Mount Everest was named after ?
14) The Lowest Point on the earth is ?

15) The Volcano vesurius is located in ?
Answer should be reach at KMM Office upto date 20-11-2009
All correct answer get 1st Prize Rs. 151.00
Maximum correct answer get 2nd Prize Rs. 101.00

સાચા જવાબોના હકદાર જો ૧ કરતાં વધારે હશે તો માનદ મંત્રી ડ્રો દ્વારા નિર્ણય લેશે જે ભાગ લેનાર ને બંધનકર્તા રહેશે. ભાગલેનારે પોતાનું નામ, ટે.નં. અને કચ્છી મિત્ર મંડળના સભ્યપદના લાખવું જરૂરી રહેશે.

## મહામુલો માનવદેહ

આ સંસાર વિચરતી ચોર્યાસી લાખ યોનીમાં જીવ સતત જન્મ-મરણના ચક્રમાં કરતો રહે છે. એવું આપણ શાસ્ત્રોનું નિવેદન છે. આ બધી યોનિઓમાં માનવદેહ સર્વશ્રેષ્ઠ છે. કેમ કે આ સંસાર વિષેના સત્યનો અનુભવ ફક્ત મનુષ્ય યોનીમાંજ સંભવ છે. સત્યનો સાક્ષાત્કાર કરવા માટે આપણી સૌની પાસે બે મુખ્ય સાધન છે. એક છે. શરીર અને બીજુ છે.

શરીર એક સશક્ત માધ્યમ છે. જેના દ્વારા આપણને આમસાક્ષાત્કાર અથવા સત્યની પ્રતીતી એટલે કે મોક્ષ સંભવ છે. શરીર શક્તિઓની અભિવ્યક્તિનુ સૌથી સશક્ત માધ્યમ છે. કોઈ કેટલુંચ કહેકે શરીરએનો રક્ત, માંસ અને ગંદકીનુ સમુહ છે. પરંતુ આપણે સત્યની પ્રતીતી એક રીરધારી આ માની નિર્મણતા અને પવિત્રતાથી જ શક્ય બની શકે છે. જો આપણુ શરીર નબળુ હશે. રોગીષ્ટ હશે કે કમજોર હશે તો વૈશ્વીક ચેતના કે કૈવલ્ય શક્તિના અવતરણને સહન કરવા સક્ષમ નહી બને માટેજ ધ્યાન સાધનાના અભ્યાસ માટે આ સ્થુળ ભૌતિક શરીર સ્વસ્થ, સશક્ત અને નિરોગી હોવુ અત્યંત આવશ્યક છે.

હવે જો આ સ્થુળ શરીર મજબુત હશે તો તેની સાથેનુ સુક્ષ્મ શરીર જેને આભા મંડલ કહે છે. શક્તિઓનું શરીર કહે છે. તે પણ સશક્ત હશે. આ સુક્ષ્મ શરીર પરના ઉર્જાકેન્દ્રો, નાડીઓ અને આભામંડલનો વિસ્તાર ધ્યાન દ્વારા પ્રાપ્ત વૈશ્વીક ચેતનાના અવતરણ થી યોગ્ય રીતે થવા લાગશે. ધ્યાન અભ્યાસ દ્વારા આત્મિક શક્તિઓનું જાગરણ એટલે કે કુંડલિની શક્તિઓનું જાગરણ યોગ્ય રીતે થશે. અને કુંડલિની શક્તિએ બીજુ કોઈ નહી પણ આપણમાં રહેલી અનેક સર્જન શક્તિઓનો શક્તિશાલી સમુહ. આ સામુહિક સર્જન શક્તિઓને ખીલવા માટે વૈશ્વિક શક્તિ જેને કોસ્મીક એનર્જી કહે છે. તેની સાથે જોડાઈ વિશાળતા પ્રાપ્ત થઈ કરો છે. જેમકે એક નાનુંશુ પાણીનુ ટીપુ અને ધુંધાવતો મહાસાગર, તત્વ તો એકજ છે. પણ શક્તિની દ્દષ્ટિએ ખૂબ મોટો ભેદ છે. આમ આ વિશાલ ચૈતન્યનો અભિવ્યક્તિ માટે સ્વસ્થ અને સશક્ત શરીર અત્યંત આવશ્યક છે. આપણે ઘણીવાર સાંભાળીએ છીએ કે ધ્યાનાભ્યાસ વૈગેરે તો વૃધ્ધાવસ્તામાં કરવા માટે છે. પણ ખરેખર તો જ્યારે .. જુવાત અને સશક્ત હોય ત્યારેજ કરે તો તેને યોગ્ય ફળ મળે છે. જેનો શ્રેષ્ઠ દાખલો છે. જેનો શ્રેષ્ઠ દાખલો છે. સ્વામી વિવેકાનંદજી.

આ શરીરની સ્વસ્થતાનો મુખ્ય આધાર છે મન કહ્યુ છે ને કે કદમ અસ્થીર હો એને કદી રસ્તો જડતો નથી, અડગ મનના મુસાફરને હિમાલય પણ નડતો નતી.

એક ભાઈ અને બહેનની સુંદર પ્રાસંગીક વાત છે. એકવાર એક ભાઈ પોતાની બહેનને ઘરે જમવા ગયો. ન જાળે બહેનના મનમાં શુવિચાર આવ્યો. કે તણે થાળીમાં ઘઉ પીરસ્યા અને બોસી કે બધીજ રસોઈ આ દઉમાંથી જ બને છે. તો મેં તને મુળ સ્વરૂપમાંજ પીરસ્યા છે અને ભાઈ ભુખ્યો જતો રહ્યો. થોડા સમય

બાદ બહેનને ત્યા પુત્રી અવસરી તો ભાઈએ પાસેલ મોકલ્યુ બહેન તો ખુશ થઈ ગઈ ને વિચારવા લાગી કે જરૂર મારા ભાઈએ મારે માટે સાડી મોકલી હશે. પણ ખોલ્યુ તો નિકળયુ રૂ. નુ બેડલ. બધા કપડાનુ મુળ.

બધુજ ભોજન ઘઉંથી બને છે અને બધુજ કપડુ રૂથી બને છે. આ વાત સાચી છે. પણએ અધુરી છે. ફક્ત ઘઉંથી પેટની ભુખ નથી મટતી કે કેવલ રૂથી લજ્જા નથી ઢોકી શક્તી. આમ ધ્યાન સાધના ન તો કેવળ માનસીક છે. એવું નથી પણ શારીરીક સ્વાસ્થ પણ જરૂરી છે.

શરીરની સાધના એટલે કે શક્તિઓના કેન્દ્રને જગાડવું. સક્રીય કરવું અને તેને ગતીશીલ બનાવવું જેથી વિપુલમાં વિપુલ શક્તિશાલી ઉર્જાનુ અવતરણ તેમા શક્ય બને શરીરમાં રહેલા જ્ઞાનતંતુઓમાં સમુહને વિકસીત કરવાથી અને સંવેદનશીલ બનાવવાથી વિશિષ્ટ શક્તિઓને સમાવવા સક્ષમ બની શકે. આમા મુખ્ય બે વાત ખૂબજ અગત્યની છે.

એક છે પ્રાણ શક્તિના વ્યચને રોકવો. બીજુ છે પ્રાણ શક્તિનો સંચલ કરવો. પ્રથમ શક્તિના વ્યચને કેવી રીતે રોકવો ? પ્રાણ શક્તિનો વ્યય થાય છે. શરીરથી બીજુ મનથી અને ત્રીજુ સ્વચાલીન નાડીઓના સંસ્થાનમાંથી આને કઈ રીતે રોકી શકાય ? સૌથી મહલની વાત છે. મૌન રાખવું વાળીનો વ્યર્થ ઉપયોગ ન કરવો. મનને એકાગ્ર કરતા શિખો મનની ચંચળતા જેટલી વધુ તેમ શક્તિનો આપણુ જીવન શક્તિનો સૌથી મોટો ખજાનો છે. માટે રોજ સૂર્યદર્શન કરી સુર્ય નમસ્કાર કરી પ્રાણ શક્તિને ગ્રહણ કરવાથી ખૂબ ફાયદો થાય છે. પૃથ્વી તત્વ સાથે સંપર્ક કરવાથી દુષિત ઉર્મિ દૂર થતા પણ ખૂબ ફાયદો થાય છે. ભૂમિ પર સ્થિર આસનમાં બેસવું. ખુલ્લા પગે જમીન પર ચાલવું. વૃક્ષની પ્રદક્ષિણ ખુલ્લાપગે કરવાથી પણ ખુબ ખુબ ફાયદો થાય છે.

શરીરની સાથે જોડાયલો છે મન-મનનો અનુભવ સર્વ કોઈને થાય છે જ મન એટલે સતત વહેતો વિચારોનો આવરત પ્રવાહ. આ વિચારોને જો રોકવાનો પ્રયત્ન કરશુ તો હજુ વેગથી વિચાર આવશે. માટે ધ્યાન એ સૌથી અલરકારક અને સવારે રસ્તો છે. મનને નિવિચાર કરવાનો ખરેખર નિર્વિચારસ્થિતિ એજ ધ્યાન છે. તેમ માહાત્માઓ કહે છે. મનજ્યારે બહારની તરફ એટલે કે બીજાઓના વિચારમાં હોય તો તેને બહેગામી કહેવાય છે. અને ધ્યાન અભ્યાસથી સૌ પ્રથમ મન અંદરની તરફ એટલે કે અંતરગામી બને છે.

હવે જ્યારે આપણ આપણાથી ભીન્ન વ્યક્તી ઘરનુ અથવા પદાર્થોને જોઈએ છીએ ત્યારે વાસ્તવમાં શુ થાય છે. જ્યારે એક ચંદ્રમાને એક કવિએ જોપાતો મન પોતાની પ્રિયતમા માટે કવિતા લખવાનું મન થયું. જ્યારે આ મુખ્ય માળસે જોયું તો તેને ગાલે ગોલ રોટલીના વિચાર આવ્યા લાગ્યા અને એક ભુસ્તર શાસ્ત્રીએ જોયો તો તે વૈજ્ઞાનીક દષ્ટિએ વિચારવા લાગ્યો. આપ ચંદ્રમાને પ્રણેએ જોયા પણ તેની સાથે પોતાની લાગણીઓને જોડી દિધી. આંખ જે જુએ છે. તે અથાર્થ દર્શન બધા માટે સ્થુલ એકજ હતુ પરંતુ મનની આખોથી બધાએ તેના વિભિન્ન દર્શન કર્યા આજ પ્રમાણે આ સંસારની બધીજ વસ્તુઓ તરફ આપણુ જોવાના દષ્ટિકોણ મહત્વનુ છે. કોઈ પણ વ્યક્તીને જોવુ એટલે જાડુ, પાતળ ઉચો, નિચો માટે કાળો, જુવાન, વૃદ્ધ એવી અનેક વાતો જોડાએલ છે. જ્યારે નિર્લેપ ભાવે જોઈએ તો એ નામા રહેલી ચેતનાને જાળવી તે યથાર્થ દર્શન કહેવાય.

આમતો જોવુ એ આપણે સ્વભાવ છે. અને વિચારનુ એ બુધ્ધીનો જેમ જેમ આમાં સુક્ષ્મતા આવશે. તેમ તેમ મન એકાગ્ર થશે. અને ઊડાળમાં જશે. ધીમે-ધીમે અંતર્યામી થએલુ મન શરીરની ચેતનામાં એકાગ્ર બનશે. તેમ તેમ વિચારોની માત્રા આપોઆપ ઘરતી જશે રપને એક સમયે કોઈ પણ પ્રયત્ન વગર નિર્વિચાર સ્થીતીનો અનુભવ થશે.

*વિવિધા સમાપ્ત...*

☛ A




# NAVAJEEVAN PHYSIOTHERAPY CENTRE

3-4-753, CIB-2, Behind Brillient Grammer School, Narayanguda Flyover,
Baghlingampally End, Hyderabad 500 027. A.P.

**Dr. N. Rama Devi** B.P.T., M.I.A.P.
94408 86300

Time : 9 a.m. to 2 p.m.
4 p.m. to 8 p.m.

*Exercise is best medicine without side effects movement is life - keep moving*

***CONDITIONS TREATED :***

• Bell's Palsy & Fascial Palsy • Neck Pain • Shoulder Pain / Frozen Shoulder • Back Pain • Hip Pain • Knee Pain • Ankle Pain • Paralysis Fractures • Osteo Arthritis • Ankylosing Spondylosis • Rhematoid Arthritis • Gouty Arthritis • Cerebral Palsy.

**• HOME VISIT AVAILABLE •**

(જા.ખ. H-2567, Nov..09)

# CHAITANYA

પૌષ્ટીક અને સ્વાદિષ્ટ

# ચિક્કીસ

ડ્રાયફ્રુટ સ્પેશયલ અડદીયા ચિક્કી

***No Colours • No Flavours • All Natural. More Dry fruits & less sugar. Regular pack and Spl. Gift pack strats from Rs. 90/- onwards.***

મેળવવાનું સ્થળ

**અરૂણાબેન સાવલા**

૩૦૧, લીલમ રેસીડેન્સી, શાલીની હૉસ્પીટલની સામે,
બરકતપુરા, હૈદરાબાદ – ૫૦૦ ૦૨૭.
ફોન. ૨૭૫૬ ૨૨૪૩, ૨૭૫૬ ૬૦૩૪.
મો. ૯૩૪૭૯ ૫૫૫૯૫.

ઉત્પાદક

**ચૈતન્ય મસાલા સ્ટોર**

૯–૧૧, કોણાર્ક થિયેટરની સામે,
દિલસુખનગર, હૈદરાબાદ ૫૦૦ ૦૬૦.
ફોન. ૦૪૦–૨૪૦૬ ૫૮૯૩.

(જા.ખ. H-2592, Nov..09)



# શ્રી કુલપાક તીર્થ યાત્રી સંઘ

## કાચીગુડા, હૈદરાબાદ

(રજીસ્ટેશન નં. ૧૬૪/૨૦૦૯)

**હંસકુમાર સાયલા** (સંચાલક), ૩-૪-૨૧૫/એ, આર.કે. કોમ્પલેક્સ, ફ્લેટ નંબર ૧૦૧, ૧લે માળે,
બેંક ઑફ ઇંડિયાની ઉપર, કાચીગુડા સ્ટેશન રોડ, હૈદરાબાદ-૨૭. ફોન. ૨૭૫૬૨૫૪૫, ૬૬૩૬૨૫૪૫.

દર મહિનાના પહેલા રવિવારે કાચીગુડા થી શ્રી કુલપાકજી તીર્થ યાત્રા માટે એક બસની વ્યવસ્થા હોય છે. નકરો વ્યક્તિ દીઠ ફક્ત રૂા. ૫૦/- છે તથા સંઘપતિનો નકરો રૂા.૫૧૦૦/ છે.

**આજીવન સભાસદ :** રજીસ્ટર ધાર્મિક સંસ્થાના નાતે સંસ્થાના પ્રવૃત્તીઓને સુચારૂ સ્વરૂપ તથા વ્યવસ્થીત નોંદ રાખવી અતી આવશ્યક છે. એના અનુસંધાનમાં પ્રાથમીક સ્વરૂપે સંસ્થાના સભાસદ બનાવવાની જુબેશ ચાલુ છે. રૂપીયા ૫૦૧/- ભરી સંસ્થાના આજીવન સભાસદ બની જવા ખાસ આગ્રહ શ્રી સંઘ તરફથી પ્રત્યેક ભાવીકોને રાખવામાં આવે છે. નિત્ય અવનવી યોજનાનું લાભ આજીવન સભ્યને અગ્રક્રમથી આપવામાં આવશે.

**સંકલ્પ અનુદાન પત્ર :** બહાર પાડવામાં આવેલ રૂા. ૧,૧૧૧/- ના મર્યાદીત સંકલ્પ અનુદાન પત્રનું સર્વ સાધારણ ખાતાના વૃધ્ધી માટે વિતરણ ચાલુ રાખવામાં આવેલ ચે. પોતાના તથા પરિવારના પ્રસંગને યાદગાર બનાવવા તથા પ્રિયજનોની સ્મૃતીમાં ઉપરોક્ત અનુદાન પત્ર લઈ શ્રી સંઘના પ્રવૃત્તીઓને અનુમોદીત કરવાનું પુણ્યાર્જન કરવા શ્રી સંઘ તરફથી ભલામણ છે.

**કાયમી સંઘપતી યોજના :** સાલ ૨૦૧૧ થી કાર્યાન્વીત થનાર કાયમી સંઘપતિ યોજના અંતર્ગત આપશ્રીના પસંદગીના મહિનાના કાયમી સંઘપતિ બનવાનું લાભ રૂા. ૧,૧૧,૧૧૧.૦૦માં છે. કાયમી સંઘપતીને શ્રીસંઘનો ટ્રસ્ટી પદ ઉપર નિયુક્ત કરવામાં આવશે. દર મહિનાના પ્રથમ રવિવાર આયોજીત કાચીગુડાથી શ્રી કુલપાકજી તીર્થ યાત્રાના સર્વે લાભ સંઘપતી પરિવારને મળશે. (સ્નાત્ર પૂજા, ગરીબ ભોજન, ગૌ સેવા, શ્રી ભોમીયાજી દાદાની સુખડી શ્રી પદ્માવતી માતાને ચુનડી, સંઘપૂજન વિગેરે...

નવ વર્ષના દિવસે નીચે મુજબના કાયમી સંઘપતિની જાહેરાત થયેલ છે.

૧) સપ્ટેમ્બર-માસ્ટર ભવ્ય ભુપેન્દ્ર કલ્યાણજી રામજી ગાલા પરિવાર, ૨) નવેમ્બર-શેઠશ્રી કાન્તીલાલજી બાગરેચા પરિવાર. આયોજના મર્યાદીત સ્વરૂપની હોવાથી વેલીતકે તક ઝૂડપી લેવા વિનંતી.

**તીર્થ યાત્રાનો આગામી કાર્યક્રમ**

| *વાર* | *તારીખ* | *સંઘપતિ* |
|---|---|---|
| રવિવાર | ૦૬-૧૨-૨૦૦૯ | માતુશ્રી હંસાબેન હરકચંદ સાયાં પરિવાર |
| રવિવાર | ૦૩-૦૧-૨૦૧૦ | માતુશ્રી રાણબાઈ પ્રેમજી ગડા પરિવાર |
| રવિવાર | ૦૭-૦૨-૨૦૧૦ | માતુશ્રી ગંગાબાઈ મણીલાલ સાવલા પરિવાર |
| રવિવાર | ૦૭-૦૩-૨૦૧૦ | માતુશ્રી ઈન્દુમતીબેન હિરાચંદ છેડા પરિવાર |
| રવિવાર | ૦૪-૦૪-૨૦૧૦ | માતુશ્રી ભાનુબેન વેરશી ધરોડ પરિવાર |
| રવિવાર | ૦૨-૦૫-૨૦૧૦ | શ્રીમતી સુશીલાબેન દામજી સાવલા પરિવાર |
| રવિવાર | ૦૬-૦૬-૨૦૧૦ | શેઠશ્રી લલીતભાઈ ટોકરશી લોડાયા પરિવાર |
| રવિવાર | ૦૪-૦૭-૨૦૧૦ | શ્રીમતી ઈંદિરાબેન સુરેશચંદ રામાણી પરિવાર |
| રવિવાર | ૦૧-૦૮-૨૦૧૦ | માતુશ્રી નિર્મલાબેન વસંતલાલ દેઢિયા પરિવાર |
| રવિવાર | ૦૫-૦૯-૨૦૧૦ | કુમારી પર્લ ગીરીશ દરમશી મોતા પરિવાર |
| રવિવાર | ૦૩-૧૦-૨૦૧૦ | એક સદ્‌ગૃહસ્થ પરિવાર |
| રવિવાર | ૦૭-૧૧-૨૦૧૦ | માતુશ્રી સુશીલાબેન ભાલચંદ્ર સંચેતી પરિવાર |
| રવિવાર | ૦૫-૧૨-૨૦૧૦ | માતુશ્રી મીનાબેન ચંદુલાલ પદમશી લાપસીયા પરિવાર |

(જા.ખ. F-2190 Nov. 09)

વિજ્ઞાપન સૌજન્ય : માતુશ્રી દેવયાનીબેન કલ્યાણજી રામજી રવજી સોજપાર ગાલા પરિવાર, કચ્છ ગામ લાયજા,
હાલ - મુંબઈ. હસ્તે : શ્રીમતી મમતાબેન (તારાબેન) ભુપેન્દ્ર કલ્યાણજી ગાલા ના નૂતન વર્ષાભીનંદન

સ્થાપના : ગાંધી જયંતિ ૧૯૭૪ લોકાઃ સમસ્તાઃ સુખીનો ભવન્તુ !! ફોન : ૨૪૭૫૫૩૩૧



# ગાંધી જ્ઞાન મંદિર યોગ કેન્દ્ર



**(સર્વોદય વિચાર પ્રચાર ટ્રસ્ટ સંચાલિત)**

**યોગ સ્ટ્રીટ, કોઠી, સુલતાન બજાર, હૈદરાબાદ ૫૦૦૦૯૫**

Visit us : www.yogasimplified.com Ph : Dr. Praveen Kapadia - 6673 5331, 6461 5331.

Ravindra - 6673 2484, 2476 5331, Anshul - 92465 75331, Vaishali - 94412 55331.

- યોગાસન, પ્રાણાયામ તથા ધ્યાન સાધનાનું **વિશ્વ વિખ્યાત યોગ કેન્દ્ર** ................
- અત્યાર સુધી **૩,૦૦,૦૦૦ થી વધુ** વ્યક્તિઓએ લાભ લીધેલ છે.....
- છેલ્લા ૩૦ વર્ષથી એક પણ દિવસની રજા વગર નિયમિત યોગ શિક્ષણ આપવાનું **વિશ્વ વિક્રમ** ધરાવતું કેન્દ્ર
- પ્રતિદિન મુખ્ય કેન્દ્રમાં **૫૦૦ થી વધુ** સાધકો યોગ સાધના માટે આવે છે.....
- અન્ય શાખા કેન્દ્રોમાં રોજ **૧૦,૦૦૦ થી વધુ** લોકો નિયમિત યોગાભ્યાસ કરીને જીવન સુખમય બનાવે છે.
- ડાયાબિટીસ, બ્લડ પ્રેશર, અસ્થમા, સ્પોન્ડીલાઈટીસ, ગરદન, કમર તથા સાંધાનાં દુઃખાવા, મેદવૃધ્ધિ, ગેસ્ટ્રીક ટ્રબલ, કબ્જીયાત, ટેન્શન, નિરાશા જેવી શરીર-મનની અનેકવિધ બીમારીઓ-તકલીફોની **સુપર સ્પેશિયાલિસ્ટ ગેરન્ટેડ ટ્રીટમેન્ટ** કેન્દ્રની મુખ્ય વિશેષતા છે. એટલેજ શહેરના દરેક મોટા ડોક્ટરો, હોસ્પીટલો પોતાના પેશેંટોને અહીં રોજ મોકલે છે....
- સવારના ૪.૩૦ વાગ્યાથી રાત્રે ૮.૦૦ વાગ્યા સુધી **સૌને અનુકુળ** એવા સમયે એક પછી એક **૧૨ સેશન્સ** ચાલે છે..
- **બ્હેનો માટે** અલગ ક્લાસ પણ હોય છે.....
- કચ્છી ભાઈ-બહેનો માટે **૭ દિવસ નિઃશુલ્ક યોગ શિક્ષણ** આપવામાં આવશે...
- મુખ્ય કેન્દ્રમાં આવી ન શકે એવા માટે **ઘરે પણ** યોગ શિક્ષણની વ્યવસ્થા છે.....
- **પ્રાકૃતિક ચિકિત્સા**-એનિમા, મસાજ, સ્ટીમબાથ વગેરેની કુશળ માર્ગદર્શન હેઠળ વ્યવસ્થા છે.....
- અંકુરિત અન્નનો **પ્રાકૃતિક નાસ્તો** (રૂા. ૫) રોજ સવારના ૭.૦૦ થી ૮.૦૦ સુધી મળે છે.

## યોગાના નવા કલાસ દર મહિનાના ત્રીજા સોમવાર શરૂ થશે.

**અદભૂત – અકસીર–અનુભવ સિધ્ધ સરકાર માન્ય દેશ વિદેશમાં લોકપ્રિય આયુર્વેદિક ઔષધિઓ**

### સંપૂર્ણ આરોગ્યામૃતમ્

ડાયાબિટીઝ, બ્લડ પ્રેશર, અસ્થમા, દરેક જાતના તાવ, કમળો, દુઃખાવો, પેટ-લીવર-કિડનીના રોગ, બહુમુત્ર, બળતરા, સોજા વિ.ના નિવારણ હેતુ.....

### સૌંદર્યામૃતમ્

મેદ વૃધ્ધિ દૂર કરીને શરીરને સપ્રમાણ-સુંદર બનાવવા માટે...

### ઉદરામૃતમ્

ગેસ, એસીડીટી, અપચો, અરૂચિ, કબજીઆત દૂર કરવા માટે...

### દંતામૃતમ્

દાંતોના દુઃખાવા, લોહી પડવા, પાયોરીઆ વિ.થી પૂર્ણ મુક્તિ માટે..

### કેશામૃતમ્

સુંદર-લાંબા, દૃઢ-કાળા વાળો માટે તથા ખોડા-સફેદ વાળ વિ.થી સંપૂર્ણ મુક્તિ માટે...

### અમૃત તૈલમ્

શરીર વેદના, સાંધાના દર્દ, સંધિવાત, આમ વાત, સર્વાંગ વાત દૂર કરવા માટેનું માલીશ તેલ..

### ચ્યવન પ્રાશાવલેહ

શરીર-મનની શક્તિ, ચહેરાની રોનક, કાંતિ, ધાતુ શક્તિ વધારવા માટે.....

### મનસામૃતમ્

મનની શાંતિ, યાદ શક્તિ, એકાગ્રતા વધારવા તથા અનિદ્રા, માનસિક તાણ, ભય દૂર કરવા માટે..

### સંપૂર્ણ શ્વાસનામૃતમ્

ખાંસી, શરદી, એલર્જી, દમ દૂર કરવા માટે...

**નિર્માતા : બેટર હેલ્થ પ્રોડક્ટસ્**

(Mg. Dir. **ડૉ. પ્રવીણ કાપડિયા** (કચ્છ - પત્રીવાલા) ફોન.૨૪૭૫૫૩૩૧, ૯૨૪૬૫ ૭૫૩૩૧)

યોગ-આનંદ, પ્રેમબાગ, સુલતાન બજાર, હૈદરાબાદ ૫૦૦૦૯૫, ફોન (૦૪૦) - ૨૪૭૫૨૮૪૮, ૯૨૪૬૧૮૨૪૮૪

**મંડળનો મેડીકલ કાર્ડ લઈને આવતાં ઉપરોક્ત બધી દવાઓ ઉપર ૧૦ ટકા ડીસ્કાઉંટ આપવામાં આવશે.**

**સ્થળ : ગાંધી જ્ઞાન મંદિર સમય : સવારના ૭.૦૦ થી ૧૨.૦૦, સાંજના ૫.૦૦ થી ૭.૦૦**

**દર મહિનાના ત્રીજા સોમવાર થી યોગા અને મેડિટેશન કોર્સ શરૂ થશે.** (જા.ખ. F-1160, July 09)